RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 171 Date: 12.04.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

વીજળીના કડાકા સાથે વરસાદની આગાહી

## ૧ ઉથી ૧૫ એપ્રિલ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં કમોસમી વરસાદની શક્યતા

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, આગામી બે દિવસ બાદ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદની શક્યતાઓ છે. વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ વરસી શકે છે. વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે વરસાદની શક્યતા સાથે આગામી ત્રણ દિવસ મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી જેટલુ ઘટે તેવી સંભાવના રહેલી છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે તાપમાન સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. જેમાં હવે વાદળછાયા વાતાવરણને કારણે



ગરમીમાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ સાથે જ ૪૮ કલાક બાદ શહેરીજનોને ગરમીથી રાહત મળશે, તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસની આગાહી કરતા જણાવવામાં આવ્યું હતું કે, આગામી ૪૮ કલાક રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. ત્યારબાદ રાજયના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની શકયતાઓ છે. આગામી ૪૮ કલાક દરમિયાન કેટલાક જિલ્લાઓમાં ખાસ કરીને અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાં વાદળછાયુ વાતાવરણ રહેવાની શક્યતાઓ રહેલી છે. રાજસ્થાન અને ઉત્તર ભારતની આસપાસના વિસ્તારમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સ હાલમાં અપ્રોચ કરી રહ્યું છે. જેની અસરને પગલે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ૪૮ કલાક બાદ કેટલાક જિલ્લાઓમાં વરસાદની શક્યતાઓ છે. આગામી બે દિવસ બાદ એટલે કે, ૧૩, ૧૪ અને ૧૫ એપ્રિલ દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છનાં જિલ્લાઓ ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે.હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, ૪૮ કલાક બાદ ૧૩ એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ તથા સૌરાષ્ટ્ર-કચ્છના ગીર સોમનાથ અને કચ્છના કેટલાક વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે સામાન્ય વરસાદની શક્યતા છે. ૧૪ એપ્રિલના રોજ ઉત્તર ગુજરાતના નર્મદા, છોટાઉદેપુર, અરવલ્લી, સાબરકાંઠા અને સૌરાષ્ટ્રના ગીર સોમનાથ તથા કચ્છના વિસ્તારમાં સામાન્ય વરસાદની શક્યતા છે. જયારે પાંચમા દિવસે એટલે કે, ૧૫ એપ્રિલના રોજ સાબરકાંઠા મહીસાગર, અરવલ્લી અને દાહોદમાં છુટો-છવાયો વરસાદ વરસી શકે છે. એટલે કે, અમદાવાદ અને આસપાસના વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ રહેશે, પરંતુ તેના કારણે અમદાવાદમાં વરસાદની શક્યતાઓ નહિવત છે.

## પાટણ શહેરના ચતુર્ભુજ બાગમાં પાયાની સુવિધાનો અભાવ, ફુવારો બંધ હાલતમાં

પાટણ શહેરમાં આવેલ ચતુર્ભુજ બાગની અંદર પાયાની સુવિધા ના અભાવે આવતા લોકો નિસાસો નાખી રહ્યા છે. ચતુર્ભુજ બાગના મધ્યમાં વર્ષો પહેલા ફુવારો ઉનાળામાં ચાલુ હાલતમાં જોવા મળતો હતો પણ ઘણા સમયથી બંધ હાલતમાં પડ્યો હોય છે જયારે બગીચાની અંદર બાળકોને રમવા માટેનો હિંચકો બંધ હાલતમાં પડ્યા છે. બાગમાં પ્રવેશતાની જ જમણી બાજુ પીવાના પાણીની પરબ હતી તે બંધ હાલતમાં છે તેથી બગીચામાં આવતા ગામડાના લોકોને પાણી પીવા ના મળે એટલે નિસાસો નાખી રહ્યા છે પણ બાગમાં ડાબી તરફ અંદરના ભાગે પીવાના પાણીની સગવડ છે. પાલિકા તંત્ર દ્વારા આ જૂની પરબ ઉપર નોટિસ બોર્ડ મારવું જોઈએ કે સામેની પાણીની પરબ ચાલુ છે. ખાનપુર ગામના પીતાંબરભાઈ સુથાર જે ગંજમાં માલ વેચવા માટે આવ્યા હતા અને આરામ કરવા માટે ચતુર્ભુજ બાગમાં આવ્યા હતા પણ જૂની પરબ ઉપર પાણી ન મળતાં નિસાસો નાખીને પરત ફરતા હતા. આ બાબતે પાલિકા પ્રમુખ હિરલબેન પરમાર અને સેનેટરી ઈન્સ્પેક્ટર એ.કે. પાલે જણાવ્યું હતું કે ચતુર્ભુજ બાગને વિશેષ પાયાની સુવિધાઓ સાથે ડેવલપ કરવાનું આયોજન છે પણ કોઈ સારી સંસ્થા આગળ આવી આ કામમાં સહકાર આપે તો પ્લાનિંગ તૈયાર કરી રહ્યા છીએ.

## બેંગલુરુ બાદ ચેન્નાઈમાં જળસંકટ, સૌથી મોટું તળાવ પણ તળિયાઝાટક

ચેન્નાઈ,તા.૧૧

બેંગલુરુની તરસ હજુ છીપાઈ નથી ત્યારે દેશના બીજા આઈટી હબ ચેન્નાઈમાં પાણી સુકાવા લાગ્યું છે. અહીંની સૌથી મોટું અને ૪૩ ટકા વસ્તીની તરસ છીપાવતું વીરાનમ તળાવ હવે સુકાઈ ગયું છે. માત્ર કેટલાંક તળાવોમાં જ પાણી બચ્યું છે. ગયા વર્ષે જુલાઈમાં પણ આવી સ્થિતિ સર્જાઈ હતી.

આ વખતે ત્રણ મહિના પહેલાં સ્થિતિ વણસી છે. ૨૮ ફેબ્રુઆરીથી વીરાનમ તળાવમાંથી સપ્લાય બંધ છે. ચેન્નાઈ મેટ્રોપોલિટન વોટર સપ્લાય એન્ડ સીવરેઝ બોર્ડે તેને ‘મૃત’ જાહેર કર્યું છે. બોર્ડ મુજબ, ગયા વર્ષે આ જ સમયે તળાવમાં ૭૭૩.૯૫ મિલિયન ક્યુબિક મીટર (એમસીએફટી) પાણી હતું. તેની ક્ષમતા ૧,૪૬૫ એમસીએફટીની છે. પાણીના સંગ્રહના અન્ય સ્રોતોની હાલત પણ દયનીય છે. તેથી સપ્લાય ઘટાડી દેવાયો છે. એક દિવસ બાદ પાણી મળી રહ્યું છે. ભૂગર્ભજળમાં પણ અછત જોવા મળે છે.

ચેન્નાઈમાં સપાટીનું પાણી સંપૂર્ણપણે સુકાઈ જવાના આરે છે. ભૂગર્ભ જળ પણ ઝડપથી ઘટી રહ્યું છે. હાલમાં, ૧૩.૨૨૨ ટીએમસી ભૂગર્ભજળ સંગ્રહની જરૂર છે, પરંતુ માત્ર ૭.૭૪૬ ટીએમસી બાકી છે. ગયા વર્ષે ૯.૨૬૨ ટીએમસી હતું. ચેન્નાઈના પડોશી શહેર મેદાવક્કમના બોરવેલ એપ્રિલમાં જ સુકાઈ ગયા છે. આ વિસ્તારમાં નાનમંગલમ રિઝર્વ ફોરેસ્ટ હોવા છતાં અહીં ભૂગર્ભ જળનું સ્તર ઝડપથી તળિયે ગયું છે. લોકો ટેક્રરોથી કામ ચલાવી રહ્યા છે. તેના રેટ ૧૫૦૦ રૂપિયા સુધી છે.

ચેન્નાઈના ૯૦ લાખ લોકોની તરસ છીપાવવા માટે દર મહિને ૨૨૩૨ મિલિયન લિટર પાણી (એમએલડી)ની જરૂર પડે છે, જ્યારે બોર્ડ માત્ર ૧૦૭૦ એમએલડી આપવા સક્ષમ છે. આઈઆઈટી મદ્રાસ અને અન્ના યુનિવર્સિટીએ ગયા વર્ષે ચેન્નાઈના જળસંકટ પર અભ્યાસ કર્યો હતો.

## હરિયાણામાં સ્કૂલ-બસ પલટી, ૬ બાળકનાં મોતઃ ૨ ૨થી વધુ બાળકો ઘાયલ

હરિયાણાના મહેન્દ્રગઢમાં ગુરુવારે સવારે એક ખાનગી શાળાની બસ પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૬ બાળકોના મોત થયા છે, જ્યારે ૨૨ બાળકો ઘાયલ થયા છે. જેમાંથી ૨ની હાલત નાજુક છે.મહેન્દ્રગઢના કનિના શહેરમાં આવેલી જીએલ પબ્લિક સ્કૂલ ઈદની રજા બાદ પણ ખુલ્લી હતી. ગુરુવારે સવારે બસ ૩૫ જેટલા બાળકો સાથે શાળાએ જઈ રહી હતી. દરમિયાન ઉનાણી ગામ પાસે અકસ્માત સર્જાયો હતો.૫ બાળકોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બાકીના ૧નું હોસ્પિટલમાં મોત થયું હતું. અકસ્માતમાં મૃત્યુ પામેલા બાળકોની ઓળખ સત્યમ




(૧૬), યુવરાજ (૧૪), બે ભાઈઓ યશુ અને અંશુ, વંશ (૧૪) અને રિકી (૧૫) તરીકે થઈ છે. જેમાંથી ૪ એક જ ગામ ઝાડલીના છે.મહેન્દ્રગઢના એસપી અર્શ વર્માએ જણાવ્યું કે આ ઘટના સવારે લગભગ ૮.૩૦ વાગ્યે બની હતી. ડ્રાઈવર દારૂના નશામાં હોવાનું જાણવા મળે છે. અમે તેનું મેડિકલ કરાવી રહ્યા છીએ. તે ખૂબ જ સ્પીડમાં સ્કૂલ બસ ચલાવી રહ્યો હતો. જેના કારણે બસ પલટીને ઝાડ સાથે અથડાઈ હતી.

## સોનાના ભાવમાં વધારાનો સિલસિલો યથાવત સોનું ૭૨,૦૦૦ની નજીક

મુંબઈ,તા.૧૧

સોનાના ભાવમાં વધારાનો સિલસિલો યથાવત છે. વૈશ્વિક બજારના સકારાત્મક વલણો વચ્ચે સોનું ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. પશ્ચિમ એશિયામાં સતત તણાવ, કેન્દ્રીય બેંકો દ્વારા સોનાના ભંડારમાં સતત વધારો, ડૉલર ઈન્ડેક્સમાં ઘટાડો અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડાના સંકેતોને કારણે સોનાની ચમક વધી છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના ડેટા અનુસાર, મંગળવારે સોનું રૂ. ૭૧,૮૩૨ અને રૂ. ૭૧,૮૩૨ પ્રતિ દસ ગ્રામ હતું. જોકે, હાજર બજારમાં સોનું (૯૯૯) રૂ.૭૨,૦૪૮ની ટોચે પહોંચી ગયું હતું. આટલું જ નહીં સ્થાનિક બજારમાં ચાંદીના ભાવમાં વધારાનો ટ્રેન્ડ યથાવત છે. ચાંદી રૂ.૩૬૮ના ઉછાળા સાથે રૂ.૮૨,૪૬૮ની સર્વકાલીન ઊંચી સપાટીએ છે. જ્યારે મંગળવારે તે ૮૨,૧૦૦ રૂપિયાના સ્તરે હતો.

કેડિયા ફિનાકોર્પના વડા નીતિન કેડિયાના જણાવ્યા અનુસાર, યુએસ ફુગાવાના ડેટાને જોતા, તે સ્પષ્ટ છે કે યુએસ ફેડરલ રિઝર્વે તેના પ્રસ્તાવિત વ્યાજ દર ઘટાડાથી પાછળ હટવાની જરૂર નથી. જૂનમાં અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડો થવાની પ્રબળ સંભાવનાને કારણે સોના અને ચાંદીના ભાવ મજબૂત થઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ તે ચાલુ રહેશે. કેડિયાના જણાવ્યા અનુસાર જો કે ઘણા દિવસોથી સોનામાં તેજી જોવા મળી રહી છે, પરંતુ અમેરિકામાં જૂન મહિનામાં વ્યાજદરમાં ઘટાડો થવાની પ્રબળ સંભાવનાને કારણે સોના-ચાંદીના ભાવમાં તેજી જોવા મળી રહી છે. આ સિવાય વિવિધ દેશોની સેન્ટ્રલ બેંકોએ સોનાની ખરીદીમાં વધારો કર્યો છે. ચીનની સેન્ટ્રલ બેંક આમાં સૌથી આગળ રહી છે. રશિયા-યુક્રેન અને ઈઝરાયેલ-હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ અને ભૂ-રાજકીય જોખમોના કારણે પણ સોના-ચાંદીના ભાવમાં મજબૂતી જોવા મળી રહી છે.એચડીએફસી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, ‘વિદેશી બજારોમાં મજબૂત વલણના સંકેતો લેતા, સ્થાનિક બજારોમાં ૨૪ કેરેટ સોનાની હાજર કિંમત નવા રેકોર્ડ સ્તરે પહોંચી છે.

## દેશભરમાં ઈદ-ઉલ-ફિતરનો જશ્નઃપ્રયાગરાજમાં નમાઝીઓ પર ફૂલો વરસાવવામાં આવ્યા

દેશભરમાં ઈદ-ઉલ-ફિતરની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પીએમ નરેન્દ્ર મોદી સહિત અનેક વરિષ્ઠ નેતાઓ અને હસ્તીઓએ સોશિયલ મીડિયા દ્વારા ઈદની શુભકામનાઓ પાઠવી હતી.પ્રયાગરાજમાં નમાજ અદા કરવા આવેલા નમાઝીઓ પર ફૂલ વરસાવવામાં આવ્યા હતા. આગ્રાના તાજમહેલમાં પણ હજારો નમાઝીઓએ ઈદની નમાજ અદા કરી હતી. સિલીગુડીના સ્ટેડિયમમાં ઈદની નમાજ અદા કરવામાં આવી હતી.મધ્યપ્રદેશમાં એશિયાની તાજુલ મસ્જિદમાં સૌ પ્રથમ નમાઝ અદા કરવામાં આવી હતી. આ દરમિયાન મુફ્તી અબ્દુલ કલામે મુસ્લિમોને ગાય-



બળદના વેપારથી દૂર રહેવાની સલાહ આપી હતી.

## ઉત્તરપ્રદેશમાં હવે અનાથ બાળકોને દર મહિને તેમના ખાતામાં ૪,૦૦૦ રૂપિયા મળશે

લખનૌ,તા.૧૧

યુપીની યોગી સરકારે અનાથ બાળકો માટે સ્પોન્સરશિપ સ્કીમ શરૂ કરી હતી. આચારસંહિતા પહેલા જ વિભાગીય અધિકારીઓને આ યોજના માટે અરજી કરવા સૂચના આપવામાં આવી હતી. પરંતુ ચૂંટણીના કારણે આ પ્રક્રિયા અટકી પડી છે. મળતી માહિતી



મુજબ ચૂંટણી પૂરી થતાં જ પાત્રતા ધરાવતા બાળકો પાસેથી અરજીઓ મંગાવવામાં આવશે. ઉપરાંત આ યોજના અંગે લોકોને જાગૃત કરવા જનજાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવશે. સરકારે પાત્રતા ધરાવતા બાળકોની પસંદગી માટે જિલ્લા દીઠ પ્રોબેશન અધિકારીઓની નિમણૂક કરી છે.

તમને જણાવી દઈએ કે અગાઉ સ્પોન્સરશિપ સ્કીમ હેઠળ અનાથ બાળકોને ૨,૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. પરંતુ હવે તેની રકમ બમણી કરવામાં આવી છે. મતલબ કે હવે લાભાર્થી બાળકોને બેને બદલે પૂરા ૪,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. જેથી કરીને તેમને થોડી આર્થિક મદદ મળી શકે. તમને જણાવી દઈએ કે આ યોજના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત છે. સ્પોન્સરશિપ સ્કીમનો લાભ મેળવવા માટે સંબંધિત અરજદારે કેટલાક જરૂરી દસ્તાવેજો કરવા પડશે. જો બાળક સરકારની માર્ગદર્શિકાનું પાલન કરશે તો સંબંધિત વ્યક્તિને યોજનાનો લાભ મળવા લાગશે.

તમને જણાવી દઈએ કે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચલાવવામાં આવતી સ્પોન્સરશિપ સ્કીમ હેઠળ અત્યાર સુધી માત્ર ૨૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. જે હવે વધારીને બમણું કરવામાં આવ્યું છે. એટલે કે, આ મહિનાથી જ લાભાર્થીઓને ૨,૦૦૦ રૂપિયાને બદલે ૪,૦૦૦ રૂપિયા પ્રતિ માસના દરે સહાય આપવામાં આવશે. તેની પાછળ સરકારનો ઉદ્દેશ્ય એ છે કે ગરીબ બાળકોનું યોગ્ય રીતે પાલન-પોષણ થાય અને તેમના શિક્ષણમાં કોઈ અડચણ ન આવે. વિભાગના અધિકારીઓએ લોકોને અપીલ કરી છે કે તેઓ તેમની આસપાસના આવા જરૂરિયાતમંદ બાળકોને તેમના માતા-પિતા અથવા વાલીઓને માત્ર આ યોજના વિશે જાણ કરીને જ નહીં પરંતુ તેમને અરજી કરવા માટે પ્રેરિત કરીને મદદ કરે.

## ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં મોટી સંખ્યામાં વિસ્ફોટક સામગ્રી ઝડપાઈ

કોલકતા,તા.૧૧

લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાના માત્ર ૮ દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળના બીરભૂમમાં મોટી સંખ્યામાં વિસ્ફોટક સામગ્રી મળી આવતા ચકચાર મચી જવા પામ્યો છે. આ વખતે બીરભૂમના રામપુરહાટ પોલીસ સ્ટેશન હેઠળના બોનહાર્ટ ગ્રામ પંચાયતમાં ૩ બકેટ બોમ્બ મળી આવ્યા હતા.

લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં બોમ્બ મળી આવતા તણાવ વધી ગયો છે. જોકે, બીરભૂમ અને બોલપુરમાં ચૂંટણી ચોથા તબક્કામાં એટલે કે ૧૨ મે ૨૦૨૪ના રોજ છે. તેવામાં મોટી સંખ્યામાં વિસ્ફોટક સામગ્રી મળી આવતા ભયનો માહોલ જોવા મળ્યો હતો. બીરભૂમના રામપુરહાટ પોલીસ સ્ટેશનની પોલીસે ગુપ્ત સૂત્રો પાસેથી માહિતી મળ્યા બાદ દરોડો પાડીને બોમ્બ કબજે કર્યા હતા. પોલીસે વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.સીઆઈડીની બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને જાણ કરવામાં આવી છે.

## અમદાવાદમાં જાન્યુઆરીથી એપ્રિલ મહિના દરમ્યાન સિઝનલ ફ્લૂના કુલ ૪૩૦ કેસ નોંધાયા

અમદાવાદ,તા.૧૧

અમદાવાદમાં રોગચાળો વકર્યો. ઉનાળાની સિઝન શરૂ થતા જ એપ્રિલ મહિનામાં સિઝનલ ફ્લૂના ૪૯ અને કોલેરાના કુલ ૬ કેસ નોંધાયા. ગરમીની સિઝનની હજુ માંડ શરૂઆત થઈ છે ત્યારે લોકો બીમાર પડવા લાગ્યા છે. શહેરમાં સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. દર્દીઓની સંખ્યામાં વધારો થવા પાછળ પાણીજન્ય રોગચાળો વકર્યો હોવાનું અનુમાન છે. હોસ્પિટલોમાં ઝાડા-ઉલટી, કમળા અને ટાઈફોઈડની સાથે સિઝનલ ફ્લૂના ૪૯ કેસ નોંધાયા છે. ખાસ કરીને શહેરમાં પૂર્વ વિસ્તાર એવા અમરાઈવાડી, વટવા અને દાણી લીમડા સહિતના વિસ્તારોમાં ઝાડા-ઉલટીના વધુ કેસ નોંધાયા છે.

શહેરમાં સરકારી હોય કે ખાનગી દવાખાનાઓમાં શરદી, ખાંસી અને વાયરલ ફીવરના કેસો વધ્યા છે. દવાખાનામાં દર્દીઓની સંખ્યા વધતા એએમસીએ આઈસ ગોલા, શરબતની લારીઓ, પાણીપુરીની લારીઓ અને રોડ પર ઉભા રહેતા વેન્ડરોના ખાદ્ય નમૂનાઓ લીધા છે. આરોગ્ય વિભાગના અધિકારીનું કહેવું છે કે પ્રદૂષિત પાણીના કારણે શહેરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે.

## તંત્રી લેખ......

# ટાઈમ પાસ બની ગયું છે સોશ્યલ મીડિયા

જે સોશ્યલ મીડિયા ૨૦૧૦માં આશાઓનું પ્રતીક બનીને ઉભરી રહ્યું હતું, તે ૨૦૨૦ આવતાં આવતાં ફેક ન્યૂઝ અને લોકોના રાજકીય વિચારોને પ્રભાવિત કરવા જેવા આરોપોનો શિકાર થઈ ગયું. માત્ર દસ વર્ષમાં જ લોકો હવે સોશ્યલ મીડિયા પર પોતાના અભિપ્રાય પોસ્ટ કરવાથી બચવા લાગ્યા છે. પોસ્ટ કરવાનો મતલબ ટેક્સ્ટ, ઈમેજ ફોર્મમાં ખુદને અભિવ્યક્ત કરવાનો છે. લોકો લોગઈન તો કરે છે, પરંતુ બહુ ઓછા લોકો પોસ્ટ કરી રહ્યા છે. લોકો લગભગ રોજ બે કલાક ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે એક્સ જેવા સોશ્યલ મીડિયાને સ્ક્રોલ કરતાં સમય વિતાવે છે, પરંત તેમની આખરી પોસ્ટ એક વર્ષ પહેલાંની હોય છે. ક્યારેક ક્યારેક લોકો સ્ટોરી ચોક્કસ શેર કરે છે, પરંતુ તે ચોવીસ કલાક બાદ ગાયબ થઈ જાય છે. કોઈ પ્રકારના વિવાદથી બચવા માટે લોકો હવે એમ વિચારવા મજબૂર થઈ ગયા છે કે એ વાત પર ઝગડવાની જરૂર નથી કે કોણે કોને વોટ આપ્યો કે કોઈ શું વિચારે છે. હવે તેઓ આમને-સામને કે સમૂહ ચેટને પ્રાથમિકતા આપે છે, જેને 'ખાનગી નેટવર્કિંગ' કહેવાઈ રહ્યું છે. વપરાશકર્તાઓના સર્વેક્ષણ અને ડેટા-એનાલિટિક્સ ફર્મોની શોધ અનુસાર, અબજો લોકો સોશ્યલ મીડિયાનો દુરુપયોગ કરે છે, પરંતુ તેઓ ઓછી પોસ્ટ કરી રહ્યા છે અને મોટાભાગે નિષ્ક્રિય અનુભવનો આનંદ લઈ રહ્યા છે. તેઓ હજુ પણ લોકોની સોશ્યલ મીડિયા ફીડ જોવામાં કે રીલ જોવામાં સમય વિતાવી રહ્યા છે, પરંતુ તેઓ હવે પોતાનો અભિપ્રાય મૂકવામાં એટલા સક્રિય નથી રહ્યા. એટલે કે આ ટાઈમ પાસ કરવાનો રસ્તો બની ચૂક્યું છે. ડેટા ઈન્ટેલીજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટના ઓક્ટોબર રિપોર્ટમાં, સોશ્યલ મીડિયા એકાઉન્ટવાળા ૬૧ ટકા વયસ્ક અમેરિકી ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ જે પોસ્ટ કરે છે, તેના વિશે વધુ ચયનાત્મક થઈ ગયા છે, એટલે કે હવે લોકો શું પોસ્ટ કરવું છે, તેના વિશે વિચારવા લાગ્યા છે.ભારત પણ તેમાં અપવાદ નથી. ભલે આપણા વિશાળ સોશ્યલ મીડયા યુઝર બેઝને કારણે અહીં એવું ન દેખાતું હોય, પરંતુ હવે લોકો સોશ્યલ મીડિયા પર ઓછી પોસ્ટ શેર કરી રહ્યા છે. તેના કેટલાય કારણ છે. આ શોધના હિસાબે લોકો માનવા લાગ્યા છે કે તેઓ જે સામગ્રી જુએ છે, તેને નિયંત્રિત નથી કરી શકતા. તેઓ પોતાના જીવનને ઓનલાઈન મૂકવા પ્રત્યે પણ વધુ સુરક્ષાત્મક થઈ ગયા છે

# મનની ભિતરમાં

રોજ ઝરૂખામાં બેસવાની સુંદર આદત આજે પણ ચાલુ છે. ઝરૂખામાં બેસીને બહારની દુનિયાને નિહાળતાં ક્યારે ભિતરમાં સરી જવાય તેનો ખ્યાલ નથી રહેતો. બાળપણના એ દિવસો હતાં રોજ અરબી સમુદ્રનાં મોજાં નિહાળતી. તેનો સુંદર અવાજ મને કર્ણપ્રિય હતો. પૂનમની રાતના તેના ઘુઘવતાં મોજાનો અવાજ કાનને સુરીલો લાગતો. અમાસની રાતની નિરવ શાંતિમાં ખોવાઈ જતી. સમયનું ભાન પણ ન રહેતું. આમને આમ દિવસો, મહિના અને વર્ષોના વહાણા વાયા,

આજે જીવનના સંધ્યા ટાણે બેસું ઝરૂખામાં અને અંદર ઉતરી તલાશ કરું . આ ઘુઘવાટ હવે શાંતિમાં પરિણમ્યો છે. બસ કેવી રીતે સમાજ ઉપયોગી કાર્ય કરું, તેના વિચારોમાં ખોવાઈ જાંઉ છું. એકાંત સાથે ગાઢ મૈત્રીનો અનુભવ કરું છું. ભીડમાં ખોવાઈ જાંઉ છું. જીવનના દરેક તબક્કા દરમ્યાન જુદા જુદા અનુભવમાંથી પસાર થવાનો લહાવો માણ્યો છે. જીવનસાથીનો સંગ મધદરિયે ગુમાવ્યો છતાં વિયોગના આઘાતમાંથી બહાર આવી જીવન સફળ કરવાનો નિર્ધાર કર્યો. પ્રેમાળ બાળકોની પ્રગતિ જોઈ સંતોષની લાગણી અનુભવતાં.

'બેટા તું નોકરી પર જા. હું છું ને ઘરમાં પછી શાની ચિંતા કરે છે?' અનિતા બોલી રહી. નિવૃત્તિમા પ્રવૃત્તિમય જીવન જચી ગયું હતું. હવે ન નોકરીએ જવાની ધમાલ કે ન કોઈના લંચ બૉક્સ તૈયાર કરવાનાં. ઘરમાંથી બધા આઠ પહેલાં વિદાય થઈ જાય. પછી નિરાંતે ચા બનાવે અને છાપું લઈને વાંચવા બેસે. રોજ 'સુડોકૂ' સોલ્વ કરવાનું. જમ્બલ વર્ડસ બનાવવાના. ખૂબ ગમતું દિમાગને કસરત મળે એ નફામાં. અચાનક વિચાર સ્ફૂર્યો ૨૧મી સદીમાં માનવી 'પૈસાને' આટલું બધું મહત્વ કેમ આપતો હશે? હા,તે જીવનની જરૂરિયાતની વસ્તુ છે ! તેમાં શંકાને સ્થાન નથી ?

કિંતુ સારા ચારિત્ર સમાન કોઈ પવિત્ર ધન નથી. માણસ પૈસાથી ધનવાન કહેવાય તેના જેવી કોઈ કરૂણતા નથી. જે દિવસે પૈસો માનવને માપવાનું બેરોમિટર ગણાશે તે દિવસે આ ધરા પર અમાસના અંધારા છવાશે. મહાપુરૂષો, ઋષિઓ તેમના ચારિત્રથી શોભાયમાન છે. જેને કારણે સદીઓ અને યુગો પછી પણ તેઓ પંકાય છે.

પૈસો યા લક્ષ્મી ચંચળ છે. તેને પામવી યા ગુમાવવી આસાન છે. પૈસા વગરનો માનવ કંગાલ નથી ગણાતો.ચારિત્ર વગરના માનવની કશી કિમત નથી. ચારિત્ર કોઈ પણ ભોગે સુરક્ષિત હોવું જોઈએ. ચારિત્રહીન માનવ ભલેને પૈસામાં આળોટતો હશે તો પણ તેની કશી કિમત નહી હોય. સામાન્ય માનવ, જેની પાસે સવારે ખાધા પછી રાત્રે મળશે કે નહી એવો પ્રશ્ન ઉભો હોય છતા તે જો ચારિત્રવાન હશે તો આદર પામશે. પૈસો સર્વસ્વ છે એ વિચાર અસ્થાને છે. ધનવાનો ખુલ્લે આમ જાણતા હોય છે કે 'આ હું નથી બોલતો મારો પૈસો બોલે છે !'તેમને આદર અને સન્માન માત્ર સ્વાર્થ સાધવા પૂરતા હોય છે. સ્વાર્થ સર્યો અને 'હું કોણ તું કોણ 'જેવા હાલ થાય છે. જો પૈસા સાથે ચારિત્રનું બળ હોય તો 'સોનામાં સુગંધ' જેવું લાગે. જે દિવસે પૈસાથી માનવીની કિંમત અંકાશે ત્યારે એ સમાજ ક્યાં જઈને અટકશે એ ગહન પ્રશ્ન છે !

પૈસાથી બધું ખરીદી શકાય ? ઉંઘ અને શાંતિ પૈસો કદી મેળવી નહી આપે ! ચારિત્રની વાત બહુ દૂર રહી. મનુષ્યએ પ્રયત્ન દ્વારા કેળવેલી સજાગવૃત્તિથી ચારિત્રનું રક્ષણ કરવું. પૈસો તો હાથનો મેલ છે. ક્યારે છેહ દેશે તેની કોઈને ખબર નથી. માનવ ગુમાવેલ પૈસો મેળવવા શક્તિમાન છે. જેનું ચારિત્ર અનિતીનો પૈસો કમાવામા સિથિલ થાય છે તેનું પતન નિશ્ચિત છે. તેનું રક્ષણ કરવા પ્રયત્ન રહેવું જરૂરી છે. પૈસો તો આજે છે ને કાલે નથી. જે ગુમાવ્યા પછી પાછો મેળવી શકાય. પૈસો ગુમાવવાથી આદર અને સન્માન ખોવાતા નથી. કિંતુ ચારિત્ર સિથિલ થાય પછી આદર સન્માન પાછાં મેળવવા મુશકેલ છે. માનવનું પતન તેનાથી સંભવિત બને તે હકિકત છે. 'યેન કેન પ્રકારેણ' કદાચ માનવી પૈસો પ્રાપ્ત કરી શકે. સ્વના ચારિત્રનું રક્ષણ તેને સદાબહાર ઈજ્જત અને આદર આપવા સમર્થ છે. પૈસાની ઝાકમઝોળ તેને સ્પર્શી શકતી નથી.

ભૌતિકવાદના આજના યુગમાં કદાચ આ વાત કાનને સ્પર્શી ન શકે. અંતરાત્માનો અવાજ અવગણવો શક્ય નથી. પસીનાનો રોટલો રળી ખાનાર આરામથી હાથનું ઓશિકું બનાવી નસકોરાં બોલાવી શકે છે. જ્યારે અનિતીથી કે ગદ્દારીથી મેળવેલા પૈસા પાત્ર વ્યક્તિ, ૪૦ હજારના પલંગમાં શિમળાના રૂની તળાઈ પર આળોટવામાં પસાર કરે છે.

યાદ આવે છે એક ભાઈની જુવાન દીકરીથી રસ્તા પર અકસ્માત થયો કહેવું આવશ્યક નથી કે પૈસાપાત્ર હતા. નવી નવી ગાડી ચલાવતાં શીખી હતી. રાતનો સમય હતો. રસ્તા પર ટ્રાફિક થોડો ઓછો હતો.

'પપ્પા હું ગાડી ઘર સુધી ચલાવું'?

'સાચવીને ચલાવીશ'?

હા, પપ્પા'.

પપ્પાને થયું થોડી પ્રેક્ટિસ થશે. ભલેને ચલાવતી, હું બાજુમાં બેઠો છું.

દીકરી જરા વધારે પડતી ખુશ થઈ. કોઈ ગરીબનો જાન ગયો. અંધારામાં ફુટપાથ પર સૂતેલો માન પછી તો પાંદડાની માફક કાંપતી હતી. પપ્પાએ પોલિસ આવે ત્યાં સુધી સંભાળી. રાતાના કોઈ બેઘર રસ્તા પર સૂતો હતો. લોકોનું ટોળું ભેગું થાય એ પહેલાં પોલિસને પૈસા આપી દીકરીને બચાવી ભાગી છૂટ્યા. સવારે એ લત્તામાં ચાલતાં ગયા. કાન બધી વાતો સાંભળતાં હતાં. એ જુવાન ગામથી આવ્યો હતો., મુંબઈમાં રોટલો રળવા. તેના માતા અને પિતાનો 'ચિરાગ' કાયમ માટે ઓલવાઈ ગયો. તેઅને ખૂબ દુંખ થયું. અજાણ્યા રાહી બની, આજુબાજુવાળા માણસો પાસેથી બધી વાત કઢાવી. તકલિફ જરૂર થઈ. ચેન પામવા માટે તેની બધી વિગતો ભેગી કરી. દીકરી ખૂબ ગભરાઈ ગઈ હતી. 'પપ્પા' આપણે શું કરીએ? તમે ભલે જેલમાં જતી બચાવી! મારું દિલ મને ડંખે છે'. મને ચેન પડતું નથી! આ મારાથી શું થઈ ગયું?'

'બેટા, તું ધીરજ ધર. આ કૃત્ય તેં જાણી જોઈને કર્યું નથી.' જરૂર કોઈ રસ્તો શોધીશ. તારા મનને મનાવ, મારા પપ્પા મને સહાય કરશે.' આખરે એ શેઠે તે જુવાનની બધી વિગત એકઠી કરી. દીકરીને જણાવ્યું. દીકરીએ સાથે આવવાનો આગ્રહ સેવ્યો. પપ્પા પોતાની દીકરીને નારાજ કરવા નહોતાં માગતા. બાપ દીકરી તે જુવાનના ગામમાં જઈ તેના માલિક તરિકે ઓળખાણ આપી. ૧૫ લાખ રૂપિયા આપી આવ્યા. જુવાનના માતા અને પિતાએ ઉદાર દિલે અકસ્માત કરનારને માફ કર્યા. તેમને ખબર હતી દીકરો તો ગયો પણ જ્યાં નોકરી કરતો હતો એ શેઠે આવીને હાથ ઝાલ્યો. એ માતા પિતાને તેઓ જણાવી ન શક્યા કે 'તેઓ કારણ ભૂત હતાં'! ઈશ્વરને મનમાં ને મનમાં પ્રાર્થના કરી, હે પ્રભુ ક્ષમા કરજે , આ વાત બતાવી નહી શકાય'!

આજે એ શેઠને અને તેની દીકરીને ગામથી પાછાં આવતા ગાડીમાં બેઠાં બેઠાં ઉંઘ આવી ગઈ ! જુવાન દીકરીના મુખ પર શાંતિ વરતાતી હતી. તેને પસ્તાવો ઘણો થયો હતો. એવું કૃત્ય થઈ ગયું હતું જે ભૂલવા મથીએ તો પણ ન ભૂલાય. તે અજાણ્યા યુવાનના માતા અને પિતાએ અકસ્માત કરનારના ગુનાને માફ કર્યો હતો. ગયેલો પુત્ર કોઈ પણ કિમતે પાછો આવવાનો ન હતો. એમ મન મનાવવું રહ્યું કે મોત વિધાતાએ એ પ્રમાણે લખ્યું હશે !

પ્રવિણા કડકીયા,અમેરીકા

# સહૂાવધાન એટલે શું?

ભારત દેશ એ આર્યદેશ છે અહીં સંપત્તિ અને સમ્રાટ કરતાં પણ સંતો અને સાધનાનો મહિમા અધિક ગવાયો છે. ભારત દેશમાં વિસ્તરેલા જૈન, બૌદ્ધ, શીખ આદિ તમામ ધર્મોએ પુનર્જન્મ, પૂર્વજન્મ, આત્મા અને આત્માની અનંત શક્તિઓનો સ્વીકાર કર્યો છે.

હજારો વર્ષોથી આપણે ત્યાં એક અદભુત શ્રુત પરંપરા ચાલી આવતી હતી. ગુરુ પોતાના શિષ્યને મુખપાઠ જ ગ્રંથોનો પાઠ આપતા અને શિષ્ય પણ એકવાર સાંભળવા માત્રથી તે પાઠ યાદ કરી લેતા. વર્ષો સુધી જૈનોના ક્રમ પૂર્વો અને વેદો આ જ રીતે શ્રુત પરંપરામાં મુખપાઠ અપાતા રહ્યા. વર્ષો સુધી ચાલેલી આ પરંપરાનો વર્તમાન કાળમાં વિચાર કરવો પણ ખૂબ જ કઠીન છે. સાથે સાથે અહીં એક વાત વિચારવા યોગ્ય છે કે આત્મામાંથી કેવી ગજબની શક્તિ પ્રાપ્ત કરાતી હશે કે માત્ર એકવાર સાંભળવાતી અત્યંત કઠીન સૂત્રો પણ યાદ રહી જાય. ઈતિહાસમાં ઘણાં ઠેકાણે આ વાતનો ઉલ્લેખ મળે છે.

પ્રાચીન કાળથી અધ્યાત્મશક્તિને આ ઈજારો આર્યભૂમિ ભારત દેશ પાસે રહ્યો છે પરંતુ વૈજ્ઞાનિક યુગ આવ્યા પછી તો આધ્યાત્મિક શક્તિઓ તરફ અધ્યાત્મ ધ્યાન વગેરેનું એક સમયે અંધશ્રદ્ધા કહેનારા વૈજ્ઞાનિકોને પણ ગજબનું આકર્ષણ જન્મ્યું છે. વર્તમાન એઆઈના યુગમાં વિજ્ઞાન જેમ જેમ સંસ્કૃતિના ઉંડાણમાં જાય છે તેમ તેમ અધ્યાત્મના રહસ્યો સત્યતાની એરણ પર ખરા પડતા જાય છે અને અધ્યાત્મ ક્ષેત્ર એ વિજ્ઞાન માટે આકર્ષણનું કેન્દ્ર બની ચૂક્યું છે.

આર્ય સંસ્કૃતિમાં અધ્યાત્મિક સાધનાના લક્ષ્યમાં અને કેન્દ્રમાં આત્મતત્ત્વ રહેલું છે. આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાની સાધના કરતો સાધક માર્ગમાં અનેક કસોટીઓમાંથી પસાર થાય છે તે સાધકને આત્મતત્ત્વની પ્રાપ્તિ થયા પહેલાં અનેક મહાન લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

વૈજ્ઞાનિક માન્યતાનુસારે માનવીનું મન જે કંઈ જૂએ, વાંચે, સાંભળે કે વિચારે તેનો પ્રથમ સંગ્રહ જ્ઞાન મનમાં થાય છે. ત્યાંથી અજ્ઞાત મન કે અને પછી પ્રજ્ઞા કે ચિંતનથી જૂએલો કે સાંભળેલો પદાર્થ સ્થિર થાય છે.

સાધક વ્યક્તિ જુએલી- વાંચેલી - સાંભળેલી અને વિચારેલી વસ્તુને ચિત્તથી આગળ વધારીને આત્મામાં સ્થિર કરે છે અને જેને અવધાન કહે છે.

સામાન્ય માનવી પોતાના જ્ઞાન મન વડે વસ્તુને સાંભળીને યાદ રાખી શકે છે. તેનાથી કંઈક વિશેષ મેધા શક્તિ ધરાવતો વ્યક્તિ ૧૦ - ૧૫ વસ્તુ યાદ રાખી શકે છે પરંતુ તેનાથી વધુ વસ્તુ યાદ રાખવા જાય તો યાદ રાખેલી તે વસ્તુઓનો ક્રમ આડો - અવળો થઈ જાય છે પરંતુ આત્મશક્તિને પ્રાપ્ત સાધક ધ્યાનના માધ્યમે સભામાંથી અલગ - અલગ ૧૦૦ વ્યક્તિઓ દ્વારા પૂછયેલા પ્રશ્નો કે બતાવેલ વસ્તુને માત્ર એક વાર સાંભળીને કે જોઈને યાદ રાકે છે અને સભામાંથી પૂછાયેલી ૧૦૦ વસ્તુ ક્રમશઃ કહી બતાવે છે. જેને શતાવધાન કહેવાય છે. આત્માની આવી સિદ્ધિ ખૂબ જ ઓછા સાધકોને પ્રાપ્ત થાય છે.

પૂજ્ય આચાર્ય શ્રી નયચંદ્રસાગરસૂરીજી મહારાજ સાહેબના શિષ્યરત્ન મહાશતાવધાની પૂજ્ય ગણિવર્ય શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજના અત્યારે શતાવધાન, મહાશતાવધાન (૨૦૦ પ્રશ્નો યાદ રાખવા), ૫૦૦ અવધાન (૫૦૦ વસ્તુને યાદ રાખવી)ના સફળ પ્રયોગ હજારોની મેદની વચ્ચે કર્યા છે. જેની નોંધ વૈશ્વિક સ્તરે લેવાઈ હતી. હવે મુનિશ્રી સહસ્ત્રાવધાન - ૧૦૦૦ અવધાનનો ઐતહાસિક દિલધડક પ્રયોગ કરવા જઈ રહ્યા છે.

સહસ્ત્ર- ૧૦૦૦ અને અવધાન - ધારણ કરવું, યાદ કરવું, આ કાર્યક્રમમાં સભામાંથી પૂછાયેલ ૧૦૦૦ પ્રશ્નોને મુનિશ્રી ક્રમસર યાદ રાખીને કહી બતાવશો.

તા. ૧-૫-૨૦૨૪ના રોજ એનએસસીયુ, વર્લી, મુંબઈ ખાતે આ ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું ચે જેના સાક્ષી બનવા અનેક ન્યુરોલોજિસ્ટ, ડોક્ટર, સાયન્ટિસ્ટ વગેરે પ્રબુદ્ધજીવીઓ તલપાપડ છે.

કાર્યક્રમની વિશેષતા

પ્રાપ્ત થતાં ઈતિહાસ મુજબ ૬૩૦ વર્ષ પહેલાં સંતિકરં સ્તોત્રના રચયિચા પૂજ્ય આચાર્ય શ્રી મુનિસુંદરસૂરીજી મહારાજાએ રાજાના દરબારમાં ૧૦૦૦ અવધાનનો સફળ પ્રયોગ કર્યો હતો અને ત્યારબાદ આજ સુધી આટલા વર્ષોમાં કોઈએ આવો કાર્યક્રમ કર્યો હોય તેનો કોઈ ઉલ્લેખ મળતો નથી. ૧૦૦૦ અવધાનના ઐતહાસિક કાર્યક્રમમાં ઘણા બધા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે તેમાં ગણિતના અટપટા પ્રશ્નો પૂછવામાં આવશે જેના જવાબ મુનિશ્રી ઘડીભરમાં આપી દેશે.

અવધાનનો એક પ્રકાર છે સંયુક્ત અવધાન. જેમાં મુનિશ્રીની આજુબાજુ એકસાથે ૧૫ પ્રક્રિયાઓ ચાલતી હશે. જેમ કે કોઈક વ્યક્તિ ઘંટ વગાડતો હશે, કોઈક મુનિશ્રીને અલગ અલગ સમયે ૩ કોડીનો સ્પર્શ કરાવશે, કોઈક વ્યક્તિ ગમે ત્યારે ૩ ચિત્રો બતાવશે, કોઈક વ્યક્તિ એક બાઉલમાંથી લખોટીઓ બીજા બાઉલમાં મૂકશે અને કેટલાંક ગણિતના પ્રશ્નો પણ મુનિશ્રીને આપવામાં આવશે. એક સાથે ચાલતી આટલી બધી પ્રક્રિયાઓ પર મુનિશ્રી ધ્યાન કેન્દ્રિત કરશે અને જવાબ આપતી વેળએ ઘંટના કેટલા ડંકા પડ્યા, કયા ડંકા પર કોડીનો સ્પર્શ થયો, કયા ચિત્રો બતાવ્યા હતા, કેટલી લખોટીઓ એકથી બીજા બાઉલમાં ટ્રાન્સફર થઈ, ગણિતના અટપટા પ્રશ્નોના ઉત્તર વગેરે બધી જ પ્રવૃત્તિઓની ગણતરી કહેશે. આ અવધાન વિજ્ઞાન માટે એક પડકાર છે.

મુનિ શ્રી અજીતચંદ્રસાગરજી મ.સા.નો પરિચય

આગમોદ્ધારક સાગર સમુદાયના વર્ધમાન તપોનિધિ, શિષ્ય શિલ્પી પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી નયચંદ્રસાગરસૂરીજી મહારાજ સાહેબના શિષ્યરત્ન મહાશતાવધાની ગણિવર્ય શ્રી અજીતચંદ્રસાગરજી મહારાજે માત્ર ૧૨ વર્ષની બાળવયે સંયમ જીવન અંગીકાર કર્યું. સંસારી અવસ્થામાં ઊંઝાના વતની, કુમુદભાઈ તથા ઈન્દિરાબેનના સુપુત્ર અજયકુમાર દિક્ષા બાદ મુનિશ્રી અજીતચંદ્રસાગરજી મહારાજ બન્યા.

૧૨ વર્ષની વયે દીક્ષા લીધા બાદ તેઓએ ગુરુ મહારાજના સાન્નિધ્યમાં સુંદર અભ્યાસનો પ્રારંભ કર્યો. સંયમ જીવનના પ્રારંભિક તબક્કામાં તેઓએ ૩૬૦ ગાથાનું પકિળસૂત્ર માત્ર એક દિવસમાં કંઠસ્થ કર્યું હતું.

સંયમ જીવનોપયોગી સૂત્રો કંઠસ્થ કર્યા બાદ તેઓ પ્રભુવીરની વાણી રુપ આગમસૂત્રોનું કંઠસ્થીકરણ ચાલુ કર્યું અને ખૂબ જ ટૂંક સમયમાં તો ૪૫ આગમોમાંથી ૨૩ આગમોના ૨૧ હજારથી વધુ શ્લોકો કંઠસ્થ કર્યા.

મુનિશ્રીએ આઠ વર્ષ સુધી અખંડપણે મૌનની સાધના કરી.

માત્ર ૧૯ વર્ષની વયે મુનિશ્રીએ અમદાવાદ ટાઉન હોલ ખાતે ૨૧મી સદીનું સર્વપ્રથમ શવધાન કર્યું જેમાં સુપ્રસિદ્ધ જાદુગર કે. લાલ, રાજ્યપાલ નવલકિશોર શર્મા, ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વગેરે પણ મહાનુભાવો આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા.

૪-૩-૨૦૧૨ના દિવસે ષણમુખઆનંદ હોલ મુંબઈ ખાતે મુનિશ્રીએ મહાશતાવધાન (૨૦૦ અવધાન)નો પ્રયોગ કર્યો જેમાં પદ્મશ્રી ડો. સુધીરભાઈ શાહ, પદ્મશ્રી ડો કુમારપાલભાઈ દેસાઈ, ઈસરોના વૈજ્ઞાનિક ડો. નરેન્દ્રભાઈ ભંડારી, મહારાષ્ટ્રના સ્પીકર વગેરે પ્રબુદ્ધ જીવીઓ પણ ઉપસ્થિત હતા.

૧૮ નવેમ્બર ૨૦૧૪ના રોજ એસએસસીયુ, વર્લી, મુંબઈ ખાતે મુનિશ્રીએ ૫૦૦ અવધાનનો ઐતિહાસિક સફળ પ્રયોગ કર્યો જેમાં ૭૦૦૦થી વધુ મહાનુભાવો ઉપસ્થિત હતા. ચીફ જસ્ટીસ શ્રી મોહિતભાઈ શાહે મુનિશ્રીની સિદ્ધિથી પ્રભાવિત થઈ અર્ધસહસ્ત્રાવધાનીનું ગૌરવવંતુ બિરુદ અર્પણ કર્યું જેની નોંધ ન્યૂયોર્ક ટાઈમ્સ, ફ્રાસ, કોરીયા જેવા વૈશ્વિક અખબારોમાં લેવાઈ હતી.

સામાન્ય વ્યક્તિ એક સેકન્ડમાં ૨-૩ અક્ષર બોલી શકે છે જ્યારે મુનિશ્રી એક સેકન્ડમાં ૧૮ અક્ષર બોલી શકે છે. મુનિશ્રીની બોલવાની આ ઝડપના કારણો તેમને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ફાસ્ટેસ ટોકર ઓફ ધ વર્લ્ડ તરીકેનું સ્થાન મળ્યું છે.

મુનિશ્રી બાળકોની સ્મૃતિ શક્તિ અને સંસ્કાર વૃદ્ધિના ઉમદા લક્ષ્યથી સરસ્વતી સાધના કરાવે છે. માત્ર ૩૬ દિવસની સાધનાથી બાળકોની સ્મરણશક્તિમાં તીવ્ર વિકાસ જોઈ શકાય છે. આ સાધના અનેક

આભાર - નિહારીકા રવિયા ન્યુરોલોજિસ્ટ, ડોક્ટર, વૈજ્ઞાનિકોએ માન્ય કરી છે. આજ દિન સુધી ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીએ આ સાધનાનો લાભ મેળવ્યો છે. જેમાંથી કેટલાક આઈએએસ બન્યા છે. કેટલાક યુનિવર્સિટી તથાબોર્ડમાં ટોપ રેન્કર્સ બન્યા છે.

મુનિશ્રીએ સરસ્વતી સાધના ઉપર કરેલા રિસર્ચના સમાચાર મેક્સિકો પહોંચ્યા અને મેક્સિકોની ઓઝટેકા યુનિવર્સિટીએ તેમને ડોક્ટરેટની પદવી આપી છે.

હવે આજ મુનિશ્રી સિદ્ધિઓની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરાવા જઈ રહ્યું છે. મુનિશ્રી ૬૩૦ વર્ષ પછી ૧,૦૦૦ અવધાનનો દિલધડક ઐતિહાસિક પ્રયોગ કરવા જઈ રહ્યા છે. વર્તમાન એઆઈના યુગમાં વ્યક્તિ જ્યારે પોતાને ફોન નંબર કે પાસવર્ડ પણ મુશ્કેલીથી યાદ રાખી શકે છે ત્યારે આ જેન મુનિશ્રી વગર કોઈ સહાય માત્ર આત્મબળે ૧,૦૦૦ પર્શ્નો યાદ રાખી સકે છે. આ યુવાપેઢી માટે એક આદર્શ હશે.

# રાજુ રદી હવે કોથમીરની ઝૂડી હપ્તેથી ખરીદ કરવા ઇચ્છે છે!!!

અંગ્રેજોમાં એક વાર્તા છે. એક પતિ-પત્ની વર્કિંગ કપલ હતું. ઘરનું રાચરચીલું હપ્તા પધ્ધતિથી ખરીદી કરી હતી. આ એક ભાડા પધ્ધતિ છે. જેમાં વસ્તને વપરાશ, વહીવટ કરી શકો છો. પણ તેને વેચી શકતા નથી. કેમ કે, તમને તે વસ્તુ ભાડાપટેથી મળે છે. વસ્તુની માલિકી મળતી નથી. હપતાની ચુકવણી ન થાય તો વેપારી વસ્તુનો કાયદેસર કબજો મેળવી લે છે!!પેલા પતિ-પત્નીએ ટીવી , વોશિંગ મશીન, ડીશ વોશર ,ઓવન, કાર, એપાર્ટમેન્ટ વગેર ઈન્સ્ટોલમેન્ટથી ખરીદ કરેલ. દરેકના હપતા ભરતા ભરતા ખાસ કશું બચતું ન હતી. આ દંપતીએ બેબી પ્લાન કરી. બેબીની ડિલિવરી પણ એકતા કપૂરની સિરિયલ જેમ હપ્તેથી કરેલી નહીં. એટલે પહેલાં અઠવાડિયે પગ આવે, બીજા અઠવાડિયે હાથ અને હજારમાં હપ્તે માથું જન્મે એવું ન બને. પ્રસુતિના બિલો ઈન્સ્ટોમેન્ટથી ચૂકવવાનું શરૂં કરેલ. ક્રિસમિસના તહેવાર વખતે એકસ્ટ્રા ઈન્કમ આવી.તેનું પ્લાનિંગ કરવા બેઠા. ફટાકડા,ડ્રેસિસ, જવેલરી વગેરે પર વિચારણા કરી. છેવટે હોસ્પિટલના બીલનો લાસ્ટ બિલનો ઈન્સ્ટોલમેન્ટ ચૂકવવવા નિર્ણય કર્યો . જેથી બેબી ફાઈનલી અવર્સ થઈ જાય!! આ શહેરી જીવનની વિડંબના છે કે બેબી પણ ઈન્સટોલમેન્ટથી પ્લાન થાય!!!

મધ્યમવર્ગની આ કરૂણતા કહો કે લાચારી કહો. એક સાંધતા તેર નહીં પણ તેરસો તૂટે છે. આપણે ત્યાં પછેડી હોય તેટલી સોડ તાણવાનીા વાત કરવામાં આવે છે.કોટન અગર ખાદીનું કાપડ જેમ ધોવાય તેમ સંકોચાય છે. પછેડીનુ પણ એવું જ છે!! પછેડી સંકોચાઈને રૂમાલ થઈ જાય તો સોડ કેટલી તાણવી એ કોઈ કરતા કોઈ કહેતું નથી!!! આપણે ત્રેવડને ત્રીજો ભાઈ કહીએ છીએ.અલબત, આવક એ ઝાંકળના બિંદુ જેવી છે. જે મોંઘવારીના તાપને કારણે આવકનું ક્યારે બાષ્પીભવન થઈ જાય છે તેની ખબર પડતી નથી!! લક્ષ્મી સાલ્લી ચાંદલો કરવા આવે તો આપણે મોઢું ધોવા જવાનું ??પછી જીંદગીભર મોઢું ધોવાનું જ રહે!!

વસ્તુ ખરીદવા માટે રોકડ ખરીદી કે ઉધાર ખરીદીનો વિકલ્પ રહે છે. કેટલીકવાર વસ્તુ જાંગડ પર લેવામાં આવે છે. જેમાં ચુકવણી વગર વસ્તુ લાવવાની . સારી લાગે અને ગમે તે તો રાખવાની . પછી વસ્તુ પૈસા ચુકવવાના.આ બાબત લગ્નમાં કેમ લાગુ પડતી નથી તેમ રાજુ રદી પૂછે છે?? કાર કે મકાન વગેરે મોંઘા ભાવની આઈટમ છે. આ પ્રકારની લકઝુરિયસ અને લેવિસ આઈટમો રોકડેથી ખરીદ કરવાનું આર્થિક રીતે પરવડે નહીં. આવી વસ્તુ ખરીદ કરવા માટે માસ ફાયનાન્સ કંપની લોન આપે છે. ચોક્કસ રકમ ડાઉન પેમેન્ટ તરીકે આપવાનું. બાકીની રકમ હપ્તથી આપનાની. જો કે, તેમાં સરવાળે વ્યાજ અને હપતાની રકમ કુલ રકમ કરતાં વધી જાય છે.(લગ્નમાં પણ આવું જ હોય છે!!છતાં કોઈ કકળાટ કેમ કરતા નથી તે બાબતે નેશન જાણવા માંગવા માંગે છે!!)

આપણા શહેરોમાં ફર્નિચર પણ ભાડેથી મળે છે. ફર્નિચર ખરીદ કરી તેનું મેઈનન્ટન્સ કરવું એમ છોકરૂં ઉછેરવાથી કમ નથી.કેટલીય ઈવેન્ટ કંપની લગ્ન માટે કેટરર્સ, પાર્ટી પ્લોટ, બેન્ડ વાજા, પંડિત, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર વગેરે ભાડે આપે છે. ઈવન જાનૈયા પણ ભાડે આપે છે. જરૂર પડે તો એકતા કપૂરની સિરિયલની જેમા વર કે કન્યાના માટે મા-બાપ ભાડે આપે છે!!!

કાર, બંગલા, ફલેટ, બાઈક વગેરે વસ્તુઓ હપતા પધ્ધતિથી મળે છે. આજકાલ બધા ઉપભોક્તાવાદનો ભોગ બન્યા છે, એટલે ફ્રીઝ , ઘરઘંટી, વોશિંગ મશીન, ઓવન વગેરે વસાવવા ઈચ્છે છે.તમામ લોકો ચાર્વાક ઋષિનું દેવું કરો અને ઘી પીઓને અનુસરે છે!! ઘી પીવાની જગ્યાએ રાચરચીલું વસાવે છે!! આપણા એક ભૂતપૂર્વ અભૂતપૂર્વ નાણા મંત્રી જેની શાખ હોય ઈવડા ઈ દેવું લઈ શકે એવું વટથી કહેતા હતા.

આપણને કોઈ કહે કે શેઠ તમતમારે દાબેલી આરોગો, દાબેલીની પૈસા દસ હપતે ચૂકવજો તો કેવું લાગે? આપણને એ જણમાં જીનેટિક ખામી લાગે. આવા માણસની જનરલ સર્વિસ મેન્ટલ હોસ્પિટલમાં કરાવવી પડશે તેવું લાગે!! આ જ રીતે પાણીપૂરીવાળા ભૈયાની પણ રૂપિયાની પાણીપૂરી ખરીદો અને પંદર હપ્તે ચૂકવો!! તમે આ બાબત તમને ગળે ઉતરશે નહીં!!!

પુણેના એક વ્યાપારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આલ્ફાંસો કેરીની કિંમત ખૂબ જ ઉપર છે. જો રેફ્રીજરેટર અને એર-કન્ડિશનર્સને હપ્તેથી ખરીદી શકાતા હોય તો ઉંચી કિંમતો મળતી કેરી શા માટે હપ્તાથી ખરીદી ન શકાય. તેના પારિવારીક આઉટલેટ પરથી સમગ્ર દેશમાં ઈસેંપર કેરીઓનું વેચાણ કરવામાં આવશે. શરૂઆતની સિઝનમાં કેરીની કિંમતો ખૂબ ઊંચી હોય છે. ગ્રાહકોએ તેમના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવાની જરૂર પડશે અને ખરીદીની રકમને ત્રણ, છ અથવા ૧૨ મહિનાના ઈસેં પર ચુકવણી કરવાની રહેશે.આ વર્ષે પણ અલ્ફાંસો કેરીની બજારમાં છૂટક કિંમત રૂપિયા ૮૦૦થી રૂપિયા ૧,૩૦૦ પ્રતિ ડઝન કિંમત પર વેચવામાં આવી રહી છે. આ સ્થિતિમાં લોકોને સુધી આ ખાસ કેરીનો સ્વાદ પહોંચાડવા માટે કેરીના વિક્રેતાએ આ ખાસ ઓફરની રજૂઆત કરી છે.

આ સમાચાર સાંભળીને રાજુ રદી હવે કોથમીરની ઝૂડી હપ્તેથી ખરીદ કરવા ઈચ્છે છે!!! અમારો ચંદુ ચૌદસ દેશી બાવળનું દાતણ હપ્તેથી લેવા છચ્છે છે. !!પુનાના વેપારીમાંથી પ્રેરણા લઈને હવે શાક વેચનાર કાછિયા કે બકાલી કોથમીર કે દાતૂન હપ્તેથી વેચાણ કરવાની ઓફર રાહ જુવે છે!!! મારે પણ ઈયર બડઝ હપ્તેથી લેવાની ધગધગતી ઈચ્છા એટલે કે બર્નિંગ ડિઝાયર છે!!

ભરત વૈષ્ણવ

# ઉમેદવારોએ પોતાની મિલકતની દરેક વિગતો જાહેર કરવી જરૂરી નથી : સુપ્રીમ



નવીદિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારોની સંપત્તિના ખુલાસાને લઈને મોટી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે ચૂંટણી લડતા ઉમેદવારે પોતાની માલિકીની તમામ મિલકતો જાહેર કરવી જરૂરી નથી. ઉમેદવારે માત્ર તે જ નોંધપાત્ર સંપત્તિ જાહેર કરવાની જરૂર છે જેથી મતદારો તેની આર્થિક સ્થિતિ અને જીવનશૈલીને સમજી શકે. કોર્ટે કહ્યું કે ચૂંટણી લડનારા ઉમેદવારોને ગોપનીયતાનો અધિકાર છે અને તેમણે તેમની સંપત્તિની દરેક વિગતો જાહેર કરવાની જરૂર નથી. અરુણાચલ પ્રદેશના એક અપક્ષ ધારાસભ્યના કેસમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો છે.હકીકતમાં, ગૌહાટી હાઈકોર્ટે અરુણાચલ પ્રદેશના સ્વતંત્ર ધારાસભ્ય કરીખોન ક્રીની ચૂંટણીને અમાન્ય જાહેર કરી હતી.

કરીખો ક્રીએ ૨૩ મે ૨૦૧૯ ના રોજ અરુણાચલની તેજુ વિધાનસભા બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે જીત મેળવી હતી. તેમણે તેમના ચૂંટણી એફિડેવિટમાં તેમની સંપત્તિના ઘોષણામાં તેમની પત્ની અને પુત્રના નામે ત્રણ વાહનોનો ઉલ્લેખ કર્યો નથી. આ પછી મામલો ગૌહાટી હાઈકોર્ટ પહોંચ્યો અને તેમની ચૂંટણીને અમાન્ય જાહેર કરવામાં આવી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ઉમેદવારો અને તેમના પરિવારના સભ્યોએ દરેક જંગમ મિલકતની વિગતો આપવાની જરૂર નથી સિવાય કે તે ખૂબ મૂલ્યવાન અથવા વૈભવી હોય. જસ્ટિસ અનુરુદ્ધ બોઝ અને જસ્ટિસ સંજય કુમારની ડિવિઝન બેંચે ગૌહાટી હાઈકોર્ટના નિર્ણયને ફગાવી દીધો હતો. કોર્ટે કહ્યું કે પિટિશનમાં જે વાહનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ચૂંટણી પહેલા ભેટમાં આપવામાં આવ્યો હતો અથવા તો વેચવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો ઓ.હા.સો.લિ.સંચાલિત "શ્રી મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનિયર સિટિઝન પાર્ક"નું રવિવારે લોકાર્પણ



શ્રી વજુભાઈ વાળા | શ્રી મુકેશભાઈ દોશી | શ્રી આર.ડી.આરદેશણા | શ્રી અજયભાઈ જોશી | પ્રો.જયદીપસિંહ ડોડિયા | શ્રી કૌશિક મહેતા | સુશ્રી અલકાબેન વોરા

૧૯૭૨માં સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો.ઓ.હા.સો.લી. એ સુવર્ણ જયંતિ વર્ષની ભવ્ય રીતે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે..

શ્રી મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી નિર્મિત શ્રી મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનિયર સિટિઝન પાર્કનો લોકાર્પણ સમારોહ કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાના અધ્યક્ષ સ્થાને તારીખ ૧૪/૦૪/૨૦૨૪ ને રવિવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે સોસાયટીની શેરી નં-૩ માં આવેલ રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં યોજાશે.આ પ્રસંગે સોસાયટીના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે પ્રકાશિત સ્મૃતિ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ શ્રી મુકેશભાઈ દોશી ઉપસ્થિત રહેશે. સોસાયટીના સ્થાપક પ્રમુખશ્રી આર.ડી આરદેશણા ખાસ ઉપસ્થિત રહેશે.સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી અજયભાઈ જોશી, મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી અલકાબેન વોરા તથા વાઈસ ચેરમેન શ્રી કૌશિક મહેતા ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમનું સંચાલન ઈ.એન.ટી.સર્જન ડો. સેજલબેન ભટ્ટ અને શ્રી જીતેશકુમાર એમ. પંડિત કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો .જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ શ્રી સજી મેથ્યુ, મંત્રી શ્રી અજયભાઈ જોશી, સહમંત્રી શ્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી શ્રી રમેશ સભાયા, શ્રી શૈલેષ પટેલ, શ્રી કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટ શ્રી ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, શ્રી ડી.પી. ત્રિવેદી, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.



આહવા ડાંગ જિલ્લામાંથી એડવોકેટ અજયભાઈ પટેલ ને સેન્ટ્રલ જ્યુડિશિયલ કમિશન તરફથી ગુજરાત સ્ટેટ લીગલ સૈલ ના એડવોકેટ તરીકે નિમણૂક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન ન્યૂઝ ઓફ ગાંધીનગર ડાંગ પરિવાર વતી

## આહવા સિવિલના ગાયનોલોજીસ્ટ ડોક્ટરે ધૂલચોન્ડ ની મહિલાના પેટમાંથી ચાર કિલોની ગાઠ કાઢી નવજીવન આપ્યું

આહવા.

ડાંગ જિલ્લાના ધુલચોન્ડ ગામના રહેવાશી ઈતાયબેન માધુભાઈ ગાવીત ઉંમર વર્ષ ૪૪ જેમના પેટમાં ત્રણ વર્ષથી અસહ્ય દુખાવો અને વધુ પડતું માસિક જતું હોય તેમને સારવાર માટે આહવાની સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા આહવા સિવિલ હોસ્પિટલના ગાયનોલોજીસ્ટ ડોક્ટર ધારાબેન પટેલ અને તેમની ટીમે દોઢ કલાકની જહેમત બાદ મહિલાના પેટ માંથી ચાર કિલોની ગાઠ કાડી મહિલાને નવજીવન આપ્યું હતું જે બીમારી માટે ત્રણ વર્ષથી પીડાતા મહિલાના પરિવારે ડોક્ટરનો આભાર માન્યો હતો. આહવા સિવિલમાં ગાયનોલોજીસ્ટ તરીકે મહિલા ડોક્ટરની નિમણૂક થતા આહવા સિવિલ હોસ્પિટલ માં ડિલિવરી નો પ્રમાણ વધી ગયો છે.



ભાન ભૂલી ભેફામ વાણી વિલાસ કરનાર ભા જ પ ના રાજકોટ બેઠક ના ઉમેદવાર પુરષોત્તમ રૂપાલા નો વિરોધ ગુજરાત ના ગામડા ઓ સુધી પહોચિગયો સે આજરોજ દાંતીવાડાના ક્ષત્રિય સમાજ ના યુવાનો એકત્રિત થય પુરષોત્તમ રૂપાલા ની ટીકીટ રદ ના થાય ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટી ના માણસોએ દાંતીવાડા માં પ્રચાર કરવા આવવું નહિ તેવા બેનરો સાથે વિરોધ કરી રૂપાલા ની ટીકીટ રદ કરવાની માંગણી કરવામા આવેલ

## પાટણ ખાતે મુસ્લિમ બિરાદરોએ રમજાન ઈદ નિમિત્તે નમાજ અદા કરી એકબીજાને શુભેચ્છાઓ પાઠવી



પાટણ શહેર અને જિલ્લામાં આજે પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતાં મુસ્લિમ સમાજે ઈદ-ઉલ-ફિત્ર (રમજાન ઈદ) નિમિત્તે વિશેષ નમાજ અદા કરી હતી. મોટી સંખ્યામાં પ્રાર્થના કરવામાં આવી હતી. પાટણ ખાતે આવેલ કાજીવાડો પાવર હાઉસ ની સામે ડિબાજ કોમ્પ્લેક્સ ના માલિક ઉંમર ખાન રાઉમા એ પોતાન વિસ્તાર માં દૂધ કોલડ્રિન્ક નો કાર્યકમ રાખ્યો હતો તેમાં મુસ્લિમ અને હિંદુ ભાઈ નઓ એકબીજાને ગળે લાગ્યા હતા સાથે એક બીજા ને કોલડ્રિન્ક પીવરાઈ મોં મીઠુ કારાઈ ભાઈ ચારો નું ઉત્તમ ઉદારણ પૂરું પાડ્યું હતું અને રમઝાન ઈદની શુભેચ્છા પાઠવી સાથે ઉંમર ખાન રાઉમા એ તમામ મુસ્લિમ ભાઈ-બહેનોને ઈદ મુબારક પાઠવી હતી.

નિખીલ જોષી પાટણ જીલ્લા બ્યુરોચીફ

### ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં બુથ સ્તરે થઈ રહેલા ચુંટણી પ્રચારની સમીક્ષા કરી

## માર્ગદર્શન આપતા પ્રભારીશ્રી કે. સી પટેલ તેમજ ગાંધીનગર લોકસભાના સંયોજક અને ધારાસભ્ય ડો.હર્ષદભાઈ પટેલ

ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં બુથ સ્તરે થઈ રહેલા ચુંટણી પ્રચારની સમીક્ષા કરી આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપતા લોકસભા ક્લસ્ટર પ્રભારીશ્રી કે. સી પટેલ તેમજ ગાંધીનગર લોકસભાના સંયોજક અને ધારાસભ્ય ડો.હર્ષદભાઈ પટેલગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે લોકસભા ક્લસ્ટર પ્રભારીશ્રી કે. સી પટેલ તેમજ ગાંધીનગર લોકસભાના સંયોજક અને ધારાસભ્ય ડો. હર્ષદભાઈ પટેલે ગાંધીનગર લોકસભા મતવિસ્તારના લોકપ્રિય ઉમેદવાર, હાલના સાંસદ તેમજ દેશના ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના સંસદીય ક્ષેત્રમાં સમાવિષ્ટ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના સ્થાનિક સંગઠનના પદાધિકારીઓ, બુથ પ્રમુખો, બૂથમાં જવાબદારી સોંપાઈ હોય તે





આગેવાનો, બુથના નિમાયેલા વાલીઓ સહિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે બુથ સ્તરે થઈ રહેલા ચુંટણી પ્રચારની સમીક્ષા કરી આગામી કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ આગામી લોકસભા ચૂંટણીમાં શ્રી અમિતભાઈ શાહને વિક્રમી સરસાઈથી વિજયી બનાવવા સુનિયોજિત સંગઠનાત્મક વ્યવસ્થા સાથે ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં પ્રત્યેક બૂથમાં ભાજપા તરફી મહત્તમ મતદાન થાય તે માટે આહ્વાન કર્યું હતું. આ તકે ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, વિધાનસભાના પ્રભારી અરજણભાઈ રબારી, ઈન્ચાર્જ મહેન્દ્રસિંહ રાણા, શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ), સંગઠનના પદાધિકારીઓ, લોકસભા વિસ્તારક પ્રેરક પટેલ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### જી.સી.સી.આઈ , યોગીધામ - આત્મીય યુનિવર્સિટી અને નવરંગ નેચર ક્લબના સંયુક્ત ઉપક્રમે "ઓર્ગેનિક ખેડૂત હાટ" ની તડામાર તૈયારી નું નિરીક્ષણ કરતા આગેવાનો

જી. સી. સી. આઈ. , ડો. વલ્લભભાઈ કથીરીયા, યોગીધામ ના જીજ્ઞેશભાઈ રાઠોડ અને નવરંગ નેચર ક્લબ ના શ્રી વી.ડી.બાલા ના સંયુક્ત ઉપક્રમે આત્મીય યુનિ. "યોગીધામ કેમ્પસ" રાજકોટ ખાતે ત્રિ-દિવસીય ઓર્ગેનિક ખેડૂતહાટ નું આયોજન કરવામાં આવેલ છે જેની તડામાર તૈયારીના ભાગરૂપે નિરીક્ષણ કરતા જી.સી.સી.આઈના સર્વશ્રી અતુલભાઈ ગોંડલીયા, અરૂણભાઈ નિર્મળ, પ્રભાતભાઈ ડાંગર, અરવિંદભાઈ સોજીત્રા, પ્રવીણભાઈ પરસાણા એ વ્યવસ્થાને આખરી ઓપ આપ્યો હતો. મુલાકાતે આવનાર તેમજ સ્ટોલ ધારકોને કોઈ અગવડ ન પડે તેવી અદભુત વ્યવસ્થાઓ ગોઠવામાં આવી છે. વધુમાં અતુલભાઈ ગોંડલીયાએ જણાવ્યું હતું કે ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરવા લાગ્યા છે. ઓર્ગેનિક ઉત્પાદનો યોગ્ય ભાવે વેચાતા નથી એટલે અન્ય જગ્યાએ ખૂબ ઓછા ભાવે ન છૂટકે વેચાણ કરવું પડે છે. સામે પક્ષે સુખી, સંપન્ન અને ઓર્ગેનિક ફૂડ નું મહત્વ સમજનાર વર્ગ ને વિશ્વાસપાત્ર ઓર્ગેનિક ફૂડ ઉત્પાદનો શોધવા મુશ્કેલ પડે છે. આ સમસ્યા ના નિવારણ માટે ઉપરોક્ત ત્રણ સંસ્થાઓ સાથે મળી ખેડૂતો ને પોતાનું ઓર્ગેનિક ઉત્પાદન વેચવાની સગવડતા માટે તારીખ ૧૨/૧૩/૧૪ એપ્રિલ ૨૦૨૪ ના ઓર્ગેનિક ખેડૂત હાટ નું આયોજન કરેલ છે. આ ખેડૂત હાટ માં ખેડૂતો તમામ પ્રકાર ના ઓર્ગેનિક અનાજ, કઠોળ, ઘઉ/જુવાર/બાજરો, મરી - મસાલા, તેલ, ઘી, ગોળ, મધ, ગૌ આધારિત પ્રોડક્ટ, ગુલકંદ, સરગવો, વગેરે વેચવા સૌરાષ્ટ્ર કચ્છ માંથી અંદાજીત ૧૫૦ ખેડૂતો આવશે.

ઓર્ગેનિક ઉત્પાદક ખેડૂત અને ખાનાર વર્ગ સીધા સંપર્ક માં આવે અને પોતાને અનુરૂપ ખેડૂતો સાથે કાયમી ધોરણે આવા ઉત્પાદનો મેળવતા થાય તેવા ઉત્તમ હેતુ થી ઓર્ગેનીક ખેડૂતહાટ નું આયોજન કરેલ છે.

## સમસ્ત મહાજન દ્વારા સુરેન્દ્રનગર લોકસભા ચુંટણીનાં ઉમેદવારને અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું અહિંસા યાત્રાનું આવેદન પાઠવાયું



સમસ્ત મહાજન દ્વારા સુરેન્દ્રનગર લોકસભા ચુંટણીનાં ઉમેદવારને અહિંસા, જીવદયા પ્રવૃતિઓ અંગેનું અહિંસા યાત્રાનું આવેદન બરવાળા ખાતે દિપકભાઈ રાણપુરા, બરવાળા જૈન સમાજ તથા પાંજરાપોળ ટ્રસ્ટીગણ અને સમસ્ત મહાજનની સમગ્ર ટીમ વતી આપવામાં આવ્યું હતું.લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે ઉમેદવારો પાસે લોકોને અબોલ પશુ, પક્ષી , જળ ,જંગલ અને સમગ્ર પર્યાવરણની સુરક્ષા માટે માગણી કરવા અને આ માટે વચન માગવા સમસ્ત મહાજન દ્વારા અહીંસા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમિયાન જીવંત પ્રાણીઓ - પક્ષીઓની નિકાસ અટકાવી, કુદરતી ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા, નદીઓ, નાળાઓ અને તળાવોનું સુરક્ષા કરવી જેથી પાણીનું રક્ષણ થાય, દેશી વૃક્ષો જ વાવવા સહિતની માગણી કરી અને આ બાબતે ઉમેદવારો પાસેથી વચન લેવા અપીલ કરવામાં આવે છે .આ સિવાય ભારતમાંથી માછીમારીને પ્રોત્સાહિત કરવાનું બંધ કરવા અને દેશમાં પાંજરાપોળ અને તમામ ગૌશાળાઓને પ્રતિ દિવસ પશુ દીઠ રૂ. ૧૦૦/- સબસિડી આપવા, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગ પર પ્રતિબંધ લાદવા, ભારતના ૬.૫૦ લાખ ગામડાઓની ગૌચરનો વિકાસ કરવા વગેરે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બાબતે તમામ રાજકીય પક્ષોનાં ઉમેદવારો પાસે વચન લેવામાં આવી રહ્યા છે.સમસ્ત આયોજન અંગે સમસ્ત મહાજનને અર્હમ યુવા સેવા ગ્રુપ, શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન(રાજકોટ), ગૌશાળા – પાંજરાપોળો વગેરે સંસ્થાઓનો સહયોગ મળી રહ્યો છે. અહીંસા યાત્રાની વિશેષ વિગતો માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. ગિરીશ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬) અને મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ચૂંટણીના પગલે આજથી જિલ્લામાં કલમ-૧૪૪ લાગુ થશે

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું જાહેરનામુ ૧૨મી એપ્રિલે બહાર પડશે અને એ જ દિવસથી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે, ઉમેદવારીપત્રની ચકાસણીથી લઇ પરત ખેંચવા સહિતની પ્રક્રિયા ૨૨મી એપ્રિલ સુધી ચાલશે. આ દિવસો દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ અટકાવવા માટે કલેક્ટર દ્વારા જાહેરનામાથી ગાંધીનગર જિલ્લામાં ૧૨મી એપ્રિલથી કલમ-૧૪૪ લાગુ કરવામાં આવી છે.લોકસભા ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરતી વખતે, ચકાસણી વખતે તેમજ ઉમેદવારીપત્ર પાછું ખેંચતી વખતે ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારીની કચેરીની કચેરીએથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વધુમાં વધુ ત્રણ વાહનો લાવી શકાશે.

ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર ઉપરાંત વધુમાં વધુ ચાર વ્યક્તિઓ હાજર રહી શકશે. જેમાં તેમના ટેકેદાર અને પ્રસ્તાવકર્તાઓનો પણ સમાવેશ થાય છે. જો કંકાસનો મુદ્દો ઉપસ્થિત થાય તો ઉમેદવાર સાથે ઉમેદવારીપત્ર ભરવા આવતા વાહનોનો ખર્ચ પણ ઉમેદવારના ખર્ચમાં ગણવામાં આવશે. ૧૯મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. તે પછી ઉમેદવારીપત્રોની ચકાસણી અને ઉમેદવારી પાછી ખેંચવાની પ્રક્રિયા ચાલવાની હોવાથી આ જાહેરનામુ ૧૨ એપ્રિલથી ૨૨મી એપ્રિલ સુધી અમલી રહેશે.પ્રેસા સોફ્ટવેરમાં પગારબીલો અપલોડ કરવામાં કેવી તકલીફ પડે છે તે અંગે નામ નહી લખવાની શરતે પગારકેન્દ્ર શાળાના આચાર્યે જણાવ્યું છે કે પ્રેસા સોફ્ટવેરનું સર્વર જ ધીમું ચાલતું હોવાથી પગારબીલ અપલોડ થતું નથી. ઉપરાંત વીસેક દિવસથી બેસી રહેવા છતાં પગારબીલ અપલોડ થતું નથી. વધુમાં દરેક વખતે લોગીન કરતી વખતે જૂની એન્ટ્રી જતી રહે છે. પ્રેસા સોફ્ટવેરમાં પગારબિલ અપલોડ કર્યા બાદ ઓટોમેટિક ડિલીટ થઇ જાય છે. આથી પ્રેસા સોફ્ટવેરના સર્વરની સ્પીડમાં વધારો અને જરૂરી સુધારા કરવા જરૂરી છે.





## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા "ઓર્ગેનિક ખેડૂત હાટ"માં ત્રણેય દિવસ પ્રસાદી રૂપે નિઃશુલ્ક છાશ વિતરણ

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા "ઓર્ગેનિક ખેડૂત હાટ"માં ત્રણેય દિવસ પ્રસાદી રૂપે નિઃશુલ્ક છાશ વિતરણ કરવામાં આવશે. રાજકોટના આંગણે આગામી તા.૧૨/૪/૨૦૨૪ થી ૧૪/૪/૨૦૨૪ (શુક્ર, શનિ ,રવિવાર) સુધી રાજકોટમાં કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં ત્રણ દિવસ માટે "ઓર્ગેનિક ખેડૂત હાટ"ના માધ્યમ થી ઓર્ગેનિક ખેત પેદાશોના પ્રદર્શન - વેચાણ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ખેડૂત હાટમાં ખેડૂતો તમામ પ્રકારનાં ઓર્ગેનીક અનાજ, કઠોળ, ઘઉં/જુવાર/બાજરો, મરી - મસાલા, તેલ, ઘી, ગોળ, મધ, ગૌ આધારિત પ્રોડક્ટ, ગુલકંદ, સરગવો, વગેરે વેંચવા સૌરાષ્ટ્ર - કચ્છ માંથી ૧૦૦ ખેડૂતો આવશે.

"ઓર્ગેનિક ખેડૂત હાટ"માં અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા પ્રસાદી રૂપે નિઃશુલ્ક છાશ અને લસ્સી વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉલેખ્ખનીય છે કે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત દેશ-વિદેશમાં વ્યાપી ૫૫ થી વધુ અર્હમ યુવા સેવા ગ્રુપનાં હજારો જૈન અજૈન ભાવિકો સદાય નવા-નવા પ્રકલ્પો સાથે માનવ સેવા અને જીવદયાનાં સત્કાર્યો માટે તત્પર રહે છે. સેવા, સાધના અને સમર્પણનાં ભાવ સાથે હતાશ અને નિરાશ માનવીનાં ચહેરા પર સ્મિત લાવવું અને અબોલ જીવોને શાતા પમાડવી એ જ એમના પ્રયાસો હોય છે. ઉનાળાની આ ગરમીમાં હાલ રાજકોટમાં રૈયા ધાર રામાં પીર ચોકડી પાસે, વિરાણી ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, હનુમાન મઢી ચોક પાસે, કેનાલ રોડ હોટેલ જયશન પાસે, એમ અલગ અલગ વિસ્તારોમાં રોજ સવારે ૭.૧૫. થી ૮.૧૫ નિયમિત છાસ નું વિના મૂલ્ય વિતરણ ચાલે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.